RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 260* Date: 17.07.2020 * Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### દેશમાં કોરોનાના કુલ આંકડો ૧૦ લાખની નજીક, કુલ મૃત્યુઆંક ૨૪૯૧૫

# અમેરિકાના માર્ગે ભારત: ૨૪ કલાકમાં કોરોનાના ૩૨ હજાર કેસ,૬૧૪ના મોત

## દેશમાં કોરોના સંક્રમણથી ૯૯ ડોક્ટર્સના મોત, ૧૩૦૨ સંક્રમિત, ગ્વાલિયરમાં પણ ૭ દિવસનો કર્ફયુ લાદવામાં આવ્યો

*ન્યુ દિલ્હી,તા.૧૬*

કોરોનાએ ભારતમાં અડિગો જમાવ્યો હોય તેમ અનલોક-૨ના ૧૫મા દિવસે બુધવારે કોરોનાએ પોતાનો જ રેકોર્ડ તોડીને અત્યારસુધીમાં સૌથી વધુ ૩૨,૬૦૭ કેસો સામે આવતા ચિંતાની લાગણી સર્જાઇ છે. અને ભારત કોરોનાના કેસોના મામલે અમેરિકાના માર્ગે હોય તેમ જણાઇ રહ્યું છે. આજે ગુરૂવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના આંકડા જાહેર કરાયા ત્યારે સત્તાવાળાઓને આંચકો લાગ્યો હોય તેમ એક સાથે કેસોનો આંકડો ૩૨ હજારની ઉપર પહોંચ્યો હતો. આ જ સમય ગાળામાં સૌથી વધુ ૬૧૪ના મોત પણ થયા હતા. તે સાથે જ કુલ કેસો વધીને ૯,૭૦,૧૬૯ પર પહોંચ્યા છે. જે એકાદ બે દિવસમાં ૧૦ લાખ પર પહોંચી શકે તેમ છે. સારવાર હેઠળના કેસોની સાંખ્યા વધીને ૩,૩૧,૧૧૬ પર પહોંચ્યો તો સાજા થનારાની સંખ્યા ૬,૧૩,૭૩૫ પર પહોંચ્યો છે. છેલ્લાં ૨૪ કલાકમાં વધુ ૨૦,૬૪૬ દર્દીઓ સાજા થયા હતા. જ્યારે કુલ મૃત્યુઆંક ૨૪,૯૨૯ એટલે કે ૨૫ હજારની નજીક પહોંચ્યો હતો. એમ મનાય છે કે લોકલ ટ્રાન્મિશન સંક્રમણ વધી રહ્યું હોઈ કેસોમાં વધારો થઇ રહ્યો છે તો તેની સાથે ટેસ્ટીંગનું પ્રમાણ પણ વધારે કરતાં તેમાં પણ કેસો મળી રહ્યાં છે .તો આ તરફ ઈન્ડિયન મેડિકલ એસોસિયેશને દાવો કર્યો કે, અત્યાર સુધી દેશમાં ૯૯ ડોક્ટર્સના કોરોનાના કારણે મોત થયા છે. કુલ ૧૩૦૨ ડોક્ટર્સ સંક્રમિત થયા છે. સંગઠને ડોક્ટર્સને સાવધાની રાખવા માટે રેડ એલર્ટ આપ્યું છે. બિહારમાં ૧૬ દિવસનો લોકડાઉન છે. ગ્વાલિયરમાં પણ ૭ દિવસનો કર્ફયુ લાદવામાં આવ્યો છે. ભોપાલમાં મોટી સંખ્યામાં એકત્ર તતાં હોય તેવા તમામ ધાર્મિક કાર્યક્રમો પર પ્રતિબંધ



મૂકાયો છે. જ્યારે જામીતા ક્રિકેટર અને બીસીસીઆઇના ચેરમેન સૌરવ ગાંગુલીના ભાઈ સ્નેહાશીષ કોરોના પોઝીટીવ જણાતાં સૌરવે હોમ ક્વોરન્ટાઈનમાં રહેવાની જાહેરાત કરી છે.

બુધવારે ૩૨ હજાર ૬૦૭ નવા કેસનો ઉમેરો થયો હતો..આ એક દિવસનો સૌથી મોટો આંકડો છે. મહારાષ્ટ્રમાં બુધવારે ૭૯૭૫ નવા દર્દી મળ્યા અને ૨૩૩ મોત થયા હતા. વેબસાઇટ પ્રમાણે, મહારાષ્ટ્ર બાદ તામિલનાડુમાં ૪,૯૯૬ કેસો , કર્નાટકમાં ૩,૧૭૬, યુપીમાં ૧૬૫૯ અને દિલ્હીમાં ૧૬૪૭ કેસો નોંધાયા હતા. સૌથી ઓછા કેસ માત્ર ૫ આંદામાનમાં નોંધાયા હતા. નાગાલેન્ડમાં ૬, સિક્કિમમાં ૧૧, દાદરાનગરહવેલીમાં ૧૭, અને મેઘાલયમાં ૧૯ કેસ નોંધાયા હતા.

દેશમાં સંક્રમિતોની સંખ્યા ૯ લાખ ૭૦ હજાર ૧૬૯ થઈ ગઈ છે. તો આ તરફ ઈન્ડિયન મેડિકલ એસોસિયેશને કહ્યું કે, અત્યાર સુધી દેશમાં ૯૯ ડોક્ટર્સના કોરોનાના કારણે મોત થયા છે. કુલ ૧૩૦૨ ડોક્ટર્સ સંક્રમિત થયા છે. અમે ડોક્ટર્સને સાવધાની રાખવા માટે રેડ એલર્ટ આપ્યું છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૬૩.૨૫ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦૭૮૩ લોકો સ્વસ્થ્ય થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૬૧૨૮૧૫ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા વધારે થઈ ગઈ છે.

મધ્યપ્રદેશમાં ભોપાલ જિલ્લા પ્રશાસને બુધવારે કહ્યું કે, શહેરમાં સાર્વજનિક સ્થળે કોઈ પણ ધાર્મિક કાર્યક્રમ, તહેવાર અને જુલુસ વગેરેનું આયોજન કરવામાં નહીં આવે. મૂર્તિ વગેરે સ્થાપિત કરવામાં નહીં આવે. સાથે જ ગ્વાલિયરમાં પણ ૧૨૭ સંક્રમિત મળ્યા છે. અહીંયા સંક્રમણની ચેઈન તોડવા માટે ૭ દિવસનો કર્ફ્યુ લગાવાયો છે. છેલ્લા આઠ દિવસમાં ૬૭૪ કેસ મળ્યા છે.

મહારાષ્ટ્રમાં સંક્રમિતોની સંખ્યા વધીને પોણા ત્રણ લાખની પાર પહોંચી ગઈ છે. રાહતની વાત તો એ છે કે દર્દીઓના સાજા થવાની ટકાવારી વધીને ૫૫%થી વધુ થઈ ગઈ છે. મુંબઈ મહાનગર પાલિકાએ જણાવ્યું કે, છેલ્લા ૪૮ કલાકમાં મુંબઈમાં ૬૨ લોકોના મોત થયા છે. આ સાથે જ મુંબઈમાં મૃતકોની સંખ્યા ૫૪૬૪ થઈ ગઈ છે.

ઉત્તરપ્રદેશમાં ત્રણ દિવસથી દરરોજ ૪૦ હજાર ટેસ્ટ કરાઈ રહ્યા છે. રાજ્યના મુખ્ય સ્વાસ્થ્ય સચિવ અમિત મોહન પ્રસાદે જણાવ્યું કે, અમે દરરોજ ૫૦ હજાર ટેસ્ટનો ટાર્ગેટ સેટ કર્યો છે. બુધવારે રાજ્યમાં ૪૫ હજાર ૩૦૨ ટેસ્ટ કરાયા હતા.

### મધ્યપ્રદેશના મંડલા જિલ્લામાં બની હૃદય હચમચાવી દેનારી ઘટના

## ભાજપ નેતા સહિત પરિવારના ૬ સભ્યોની તલાવારથી હુમલો કરી હત્યાથી ખળભળાટ

મંડલા,તા.૧૬

મધ્ય પ્રદેશમાં હ્રદય હચમચાવી દેનારી ઘટના સામે આવી છે. જેમાં એક પરિવારના ૬ લોકોના તલવારથી કાપીને નિર્મમ હત્યા કરવામાં આવી છે. હત્યારાઓની સામે પરિવારના જે પણ સભ્ય આવ્યા તે તમામ સભ્યાને કાપી નાંખ્યા હતા. આ ઘટનામાં ગુસ્સે ભરાયેલા ગ્રામજનોએ ૨ આરોપીમાંથી ૧ની લાઠી મારીને હત્યા કરી નાંખી હતી.

મંડલા જિલ્લાના બીજાડાંડી પોલીસ સ્ટેશનની મનેરી ચોકીમાં ૬ લોકોની સનસનીખેજ હત્યાનો મામલો સામે આવ્યો છે. સોની પરિવારના જ ૨ પરિવારની વચ્ચે સંપત્તિ વિવાદને લઈ આ ઘટનાને આખરી ઓપ આપ્યો હતો.

એક પરિવારના ૨ લોકોએ બીજા પરિવારના સભ્યોની ધારદાર હથિયારથી મોતને ઘાટ ઉતાર્યા હતા. મરનાર રાજેન્દ્ર સોની ભાજપના વરિષ્ઠ નેતા હોવાનું જાણવા મળ્યું છે. આ ત્યા કાંડમાં ૨ બાળકો સહિત ૬ લોકોની હત્યા કરવામાં આવી છે. આથીગુસ્સે ભરાયેલા ગ્રામજનોએ ૨ આરોપીમાંથી ૧ની લાઠી મારીને હત્યા કરી નાંખી હતી.

મળતી માહિતી મુજબ સોની પરિવારના બે ભાઈઓના પરિવાર વચ્ચે પૈતૃક સંપતિને લઈને લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. આ વિવાદને કારણે એક ભાઈના પરિવારે બીજા ભાઈના પરિવારના સભ્યો પર હથિયારથી હુમલો કરી દીધો.

મૃતક રાજેન્દ્ર ગલ્લો ચલાવતા હતા તેમના દુકાન પર આરોપીઓએ હુમલો કર્યો હતો અને ત્યાં જ રાજેન્દ્રની મોત થઈ હતી. એ બાદ ૭ અને ૧૦ વર્ષના બાળક પરિવારના ૫ સભ્યોની હત્યા કરી હતી.મૃતકોમાં રાજેન્દ્ર સોની(૫૮)., તેમનો ભાઈ વિનોદ (૪૫), તેમનો ભત્રીજો ઓમ(૯), ભત્રીજી પ્રિયાંશી(૭), દીકરી પ્રિયા(૨૮) અને તેમના વેવાઈ દિનેશ સોની (૫૦)નો સમાવેશ થાય છે. તેમજ હત્યાકાંડના આરોપી સંતોષ સોની (૩૫)નું મોત ગામજનોના મારથી થયું હતું. જ્યારે અન્ય આરોપી હરી સોનીની પોલીસે ધરપકડ કરી છે. ઘટનાના પગલે પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. ઉલ્લેખનીય છે કે પોલીસને જોઈ હરી ભાગી રહ્યો હતો. પોલીસે તેના પગમાં ગોળી મારી તેની ધરપકડ કરી હતી.

### ટ્વિટર પર અત્યાર સુધીનો સૌથી મોટો 'સાયબર અટેક'

## બફેટ,એપલ,બિલ ગેટ્સ,ઓબામા સહિતના દિગ્ગજોના ટ્વિટર એકાઉન્ટ હેક



### તમામ એકાઉન્ટ્સને હેક કરી બિટકોઈનના પ્રમોશનને લગતો મેસેજ પોસ્ટ કરવામાં આવ્યો, હૈકરોની પોસ્ટમાં એક ના ડબલ કરવાની કરવાની વાત

*ન્યૂયોર્ક,તા.૧૬*

હેકર્સે દુનિયાના દિગ્ગજ નેતાઓ, જાણીતી હસ્તીઓ, ઉદ્યોગપતિઓ અને કંપનીઓના ટ્વિટર હેન્ડલ હેક કરી લીધા છે. બુધવારે હેકર્સે જેમાં ટ્વિટર એકાઉન્ટ હેક કર્યાં તેમાં માઈક્રોસોફ્ટના સહ સંસ્થાપક બિલ ગેટ્સ, ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્ક, અમેરિકાના રેપર કાન્યે વેસ્ટ, અમેરિકાના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જો બિડેન, અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા , ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ, વોરેન બફેટ, એપલ, ઉપર સહિત અનેક મહત્વના એકાઉન્ટ હેક કરવામાં આવ્યાં છે. એકાઉન્ટ હેક કરીને તેના પર એક ખાસ પ્રકારના સંદેશ પોસ્ટ કરવામાં આવ્યાં છે. સંદેશાથી સ્પષ્ટ છે કે ક્રિપ્ટોકરન્સી સ્કેમના હેતુથી જ આવું કરાયું છે. જો કે ટ્વિટ તાબડતોબ ડિલિટ કરી દેવામાં આવી હતી. એમેઝોનના કો ફાઉન્ડર જેફ બેજોસના એકાઉન્ટથી પણ આવા મેસેજ કરાયા.

હેકર્સ તેમના એકાઉન્ટથી ટ્વિટ કરી રહ્યાં છે અને બિટકોઈન માંગી રહ્યાં છે. હેકર્સે માઈક્રોસોફ્ટના સહસંસ્થાપક બિલ ગેટ્સના ટ્વિટર એકાઉન્ટથી ટ્વિટ કરીને કહ્યું કે 'દરેક જણ મને પાછા આપવાનું કહી રહ્યાં છે અને હવે સમય આવી ગયો છે. હું આગામી ૩૦ મિનિટ સુધી બીટીસી એડ્રસ પર મોકલવામાં આવેલા તમામ પેમેન્ટને બમણું કરી રહ્યો છું. તમે મને એક હજાર ડોલર મોકલો અને હું તમને બે હજાર ડોલર પાછા મોકલીશ.'એપલના એકાઉન્ટથી લખવામાં આવ્યું કે અમે તમને લોકોને ઘણું બધુ આપવા માંગીએ છીએ. આશા છે કે તમે સપોર્ટ કરશો. તમે જેટલા પણ બિટકોઈન મોકલશો તેને ડબલ કરીને પાછા અપાશે. આ ફક્ટ ૩૦ મિનિટ માટે જ છે.

એલન મસ્કના એકાઉન્ટથી મેસેજ શેર કરાયો કે કોવિડ ૧૯ના કારણે હું લોકોના બિટ કોઈન ડબલ કરી આપું છું. આ બધા સુરક્ષિત છે. અમેરિકાના રાજકારણ સાથે જોડાયેલી અનેક મોટી હસ્તીઓના ટ્વિટર એકાઉન્ટને હેક કરીને પણ આ રીતે મેસેજ કરાયા. જેમાં બરાક ઓબામા અને જો બિડનના નામ સામેલ છે. જો કે પોસ્ટ થયાના ગણતરીની મિનિટોમાં જ જો કે આ ટ્વિટ્સ ડિલિટ થઈ ગઈ છે. હજુ પણ એ જાણ નથી થઈ કે આખરે આટલી જાણીતી હસ્તીઓના ટ્વિટર એકાઉન્ટને કોણે નિશાન બનાવ્યાં છે.

આ સમગ્ર ઘટના બાદ ટ્વિટરે કહ્યું કે અમને ટ્વિટર એકાઉન્ટ હાઈજેક થવાની જાણકારી છે. હાલ અમે આ મામલે તપાસ કરી રહ્યાં છે. આ સાથે જ તેને ઠીક કરવા માટે પગલાં ભરી રહ્યાં છીએ. અમે જલદી બધાને અપડેટ આપીશું. આ બાજુ હેકિંગની ઘટના બાદ ટ્વિટરે તરત જ ટ્વિટ અને રિટ્વિટ ફંકશનને ડિસેબલ કરી નાખ્યું. ટ્વિટરે કહ્યું કે અમે આ મામલે સમીક્ષા કરી રહ્યાં છીએ. જેના કારણે યૂઝર પોતાના ટ્વિટર એકાઉન્ટથી ટ્વિટ નહીં કરી શકે અને ન તો પાસવર્ડ રિસેટ કરી શકશે.

## ગુનામાં ખેડૂત પરિવાર પર પોલીસનો અત્યાચાર: રાજકારણ ગરમાયું

ગુના,તા.૧૬

મધ્ય પ્રદેશના ગુનામાં દબાણ હટાવવાને લઈને દલિત ખેડૂત પરિવાર સાથે પોલીસના અત્યાચારનો વીડિયો વાયરલ થયા બાદ રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસ આ મામલે રાજ્યની શિવરાજ સરકારને ઘેરવાનો પ્રયત્ન કરી રહ્યું છે, તો બીજી તરફ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જિલ્લાના કલેક્ટર અને એસપીને તાત્કાલીક હટાવાનો આદેશ આપ્યો છે. આ સાથે જ તટસ્થ તપાસના આદેશ પણ આપી દેવામાં આવ્યા છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, ગુના શહેરના જગનપુર વિસ્તારમાં એક સરકારી કોલેજના નિર્માણ માટે ફાળવેલી સરકારી જમીન પરના અતિક્રમણથી પરાણે નીકાળવામાં આવેલા દંપતિ અને તેમના પરિવારના લોકોએ ડિમોલિશન કાર્યવાહીના વિરોધ કર્યો હતો. જેના કારણે પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. આખરે દંપતિએ ઝેરી દવા પી લેતા પોલીસ દ્વારા તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જો કે હવે આ સમગ્ર મામલે રાજનીતિ થઈ રહી છે. કોંગ્રેસ તરફથી રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે ઘટના પર દુઃખ વ્યક્ત કરતાં સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યું કે, રાજ્યમાં બદમાશો બેખૌફ થઈ રહ્યા છે અને મધ્ય પ્રદેશ જંગલરાજ તરફ આગળ વધી રહ્યું છે. આ સિવાય કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે પણ આ મુદ્દે શિવરાજ સરકારને આડેહાથ લીધી હતી.

મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ગુનાના કલેક્ટર એસ વિશ્વનાથન અને એસપી તરૂણ નાયકને પદથી હટાવી દીધા હતા. જ્યારે મોડી રાત્રે રાજેશ કુમાર સિંહને ગુના નવા એસપી બનાવવાનો આદેશ જાહેર કર્યો હતો.

## ૧ સપ્ટેમ્બર સુધીમાં ભારતમાં કોરોનાના કુલ કેસ ૩૫ લાખ થઈ જશે

બેંગ્લુરુ,તા.૧૬

ભારતમાં કોરોના વાયરસના કેસનો આંકડો ૩૫ લાખ પર પહોંચી જશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ આંકડો ૧ સપ્ટેમ્બર સુધીમાં પહોંચશે તેમ માનવામાં આવી રહ્યું છે. જ્યારે કર્ણાટકામાં આ સમય સુધીમાં કુલ કેસનો આંકડો ૨.૧ લાખ પર પહોંચી જશે. આમ થવાની સંભાવના આઈઆઈએસસી ટીમ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. The Indian Institute of Science (IISc) દ્વારા દેશની અને રાજયની હાલની સ્થિતિને ધ્યાનમાં રાખીને આ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જે પ્રમાણે દેશમાં ૧૦ લાખ અને કર્ણાટકમાં ૭૧,૩૦૦ એક્ટિવ કેસ હોઈ શકે છે. જો કેસ ટોચ પર પહોંચ્યા તો આ આંકડો દેશણાં ૨૦ લાખ અને કર્ણાટકામાં ૪.૧૭ એક્ટિવ કેસ થવાની પણ સંભાવના છે, જ્યારે ૮૮,૦૦૦ના મોત થવાની પણ સંભાવના વ્યક્ત કરાઈ છે.

જો હાલની સ્થિતિ પ્રમાણે કેસમાં વધારો થતો રહ્યો તો કર્ણાટકમાં ૧.૨ લાખમાં ૨૮,૭૦૦ એક્ટિવ કેસ હશે અને ૫,૪૬૦ના મોત થયા હશે. આજ મોડલ પ્રમાણે દેશમાં ૩૭.૪ લાખ કુલ કેસ હશે જ્યારે ૧૪ લાખ એક્ટિવ કેસ હશે. અને માર્ચ ૨૦૨૧ સુધીમાં ૧.૯ લાખના મોત થયા હશે.

આઈઆઈએસસીના પ્રોફેસર સશીકુમાર જી, દીપક એસ અને તેમની ટીમ દ્વારા સંભાવના વ્યક્ત કરવામાં આવી છે કે, સપ્ટેમ્બર સુધીમાં મૃત્યુઆંક ૧.૪ લાખ પર પહોંચી શકે છે- જેમાં મહારાષ્ટ્રમાં ૨૫,૦૦૦, દિલ્હીમાં ૯,૭૦૦, કર્ણાટકામાં ૮,૫૦૦ તામિલનાડુમાં ૬,૩૦૦ અને ગુજરાતમાં ૭,૩૦૦ લોકોના મોત થશે. આ જોતા ભારતમાં ૧ નવેમ્બર સુધીમાં ૧.૨ કરોડ કેસ ૫ લાખના મોત, જાન્યુઆરી ૧ સુધીમાં ૨.૯ કરોડ કે અને ૧૦ લાખના મોત થયા હશે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૯૧૯**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૪૫૫૬૭**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૮૨૮**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૩૨૧૭૪**

## તંત્રી સ્થાનેથી...

## ભારતના પાક કબજાના પોકમાં ચીનનુ ડેમ બાંધવાનું કારણ શું......?

વિશ્વ ભરને કોરોના વાયરસ ની ભેટ આપનાર દુષ્ટ- દગાખોર ચીન ભારતને ચારેય તરફથી ઘેરવાની પોતાની નીતિ અપનાવી રહયુ છે. તેમાં પણ ભારતના જે દેશો સાથે સારા સંબંધો છે તે દેશોને પણ શામ, દામ, દંડ, ભેદની નીતિ અપનાવીને ભારતના સંબંધો તોડાવવાના પ્રયત્ન કરી રહ્યું છે. જેમાં તેને પ્રથમ સફળતા પાકિસ્તાનથી મળી, ત્યાર બાદ નેપાળમા મળી અને તાજેતરમાં ઈરાનને પોતાની ચપેટમાં લઈ લીધું છે. ભારત ઈરાનના ચાબહાર બંદરનું સંપૂર્ણ સંચાલન કરે છે અને ચાબહાર ઝાહેદાન રેલ્વે પ્રોજેક્ટનું કામ ભારત કરી રહયુ છે. ત્યારે ઈરાને એવું બહાનું કાઢ્યું કે રેલવે પ્રોજેક્ટ માટે ભારત સરકાર સમયસર ફંડ આપતું નથી.. એટલે હવે આ રેલ્વે પ્રોજેક્ટ ઈરાન ખૂદ પૂરો કરશે. આ કારણે વિશ્વસ્તરે ભારતની ઈમેજને ઘસરકો પડ્યો છે......! પરંતુ ઈરાનનું આ પગલું વ્યાપાર ક્ષેત્રનું આત્મઘાતી પગલું છે.....! ચીનના ઈશિરે ચડી ગયેલું ઈરાન ચાબહાર બંદરના ભારતના પ્રભુત્વને ખતમ કરવાનું હોઈ શકે છે.....! ભારત ઈરાન સાથેના કરેલા કરારનું સંપૂર્ણપણે પાલન કરી રહ્યું છે.... છતાં ચીનની ચાલમાં ફસાઈ ગયું છે.....!? ચાબહાર બંદરને કારણે ભારતનુ વેપાર ક્ષેત્ર ઝડપથી આગળ વધવા લાગ્યું હતું અને ચીનને આ બાબતે પેટમાં દુખાવો ઉપડ્યો હતો..... ત્યારે ચીને લક્ષદીપ, નેપાળ, પાકિસ્તાન સાથે જે ચાલ ચાલી હતી તેવી જ ચાલ ચાલ્યુ છે. જે અનુસાર ઈરાનમાં આંતર માળખાકિય પ્રોજેક્ટો પાછળ અંદાજે ૩૦ લાખ કરોડ રોકશે તેવી લાલચ આપી છે... અને કરાર પણ કરશે. ઉપરાંત ચાબહાર બંદર ભારતના હાથમાં છે તેમાં રૂકાવટ ઉભી કરવા રેલ્વે પ્રોજેક્ટમાંથી ભારતને પડતું મૂકી ચીન પોતે લઈ લેવાની ચાલ રમી રહ્યું છે... અને આ બાબત પાકિસ્તાન, નેપાળ,લક્ષદ્વિપ પછી ઈરાન માટે ઘાતક બની રહેશે.... તે નિશ્ચિત છે......!?

ચીન સૌથી મોટી ચાલ ભારતના પ્રદેશ પચાવી પાડવા માટે ચાલી રહ્યું છે. અને તે ચાલ પાકિસ્તાન દ્વારા ચાલી રહ્યું છે..... જેમાં પાકિસ્તાની આતંકવાદીઓને કાશ્મીરમાં ઘુસણખોરી કરાવી હુમલા વધારી દીધા છે.... તો ભારતની સરહદે પાક. લશ્કર ગોળીબાર અને મોર્ટાર મારો કરીને તેમાં ગોંચવી રાખે છે. અને બીજી તરફ ભારતના પાકિસ્તાન હેઠળના કામધેનુ સમાન ×પોક×વિસ્તારમાં ડેમ બાંધીને આ સમગ્ર વિસ્તાર પચાવવાની ચાલી ચાલી રહ્યું છે. ×પોક× વિસ્તાર એટલે સ્વર્ગ સમાન વિસ્તાર છે. અહીંની ખાણોમાંથી મોટા પ્રમાણમાં યુરેનિયમ મળે છે. તેના પર ચીન કબજો જમાવવા માગે છે. આ પોક વિસ્તારમાં ૧૦ જેટલી એક એકથી ચડિયાતી વેલીઓ આવેલી છે કે દેવો પણ અહીં મુલાકાતે આવી જાય....! આ વેલીઓની મજા માણવા વિદેશના લાખો પ્રવાસીઓ અહીંની મુલાકાતે-પ્રવાસે આવે છે... અને તેની અધધ આવક પાકિસ્તાનને થાય છે. એટલે ×પોક× વિસ્તારમાં પાકિસ્તાને કશું ગુમાવવાનું નથી પરંતુ ભારતે જ ગુમાવવાનો વારો આવી શકે......! આવી સ્થિતિ હાલના સમયમાં નિર્માણ થઈ છે.... પોક વિસ્તારની પ્રજા ખડતલ છે અને તે પ્રજા પાકિસ્તાન સરકાર સામે અને ચીનના વિરોધમાં રસ્તાઓ ઉપર ઉતરી પડી છે. હવે જો ચીન ત્યા લશ્કર ઉતારે તો ભારત, રશિયા, અમેરિકા, જાપાન, એશિયાના અન્ય દેશો ચીનને માટે ભારે પડી શકે.....! પાકિસ્તાની લશ્કરને પોક વિસ્તારની આબોહવા સહી શકવાની ક્ષમતા ઓછી છે.....! છતાં આધુનિક શસ્ત્ર-સરંજામને કારણે તે સફળ થઈ શકે. ચીનને આ વિસ્તાર સોપવા માટે એક નવી ચાલ ચાલ્યુ છે....આ પોક વિસ્તારમાં પ્રથમવાર સ્થાનિક ચૂંટણીઓ યોજી છે... પરંતુ લોકોનો આ ચૂંટણીઓ સામે બેહદ વિરોધ થયો છે અને લોકો સરકાર સામે લડી લેવાના મુડમાં છે..... છતાંય આ તો ચીનનું સેવક-ગુલામ બની ગયેલું પાકિસ્તાન છે..... ત્યારે હવે ચીનને કારણે ભારત સરકારને માટે પોક વિસ્તાર સહિત સમગ્ર સરહદો ઉપર વધુ બાજ નજર રાખવી અનિવાર્ય બની છે......!? વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૭/૦૭/૨૦૨૦, શુક્રવાર, અષાઢ વદ-૧૧
સૂર્યોદય-૬-૧૩, સૂર્યાસ્ત-૭-૩૩, જૈન નવકારશી-૭-૦૧,
આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ અશ્વિની

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત-૧૨-૨૬ થી ૧૩-૨૦, ૬-૧૪થી ચલ-લાભ-અમૃત-૧૧-૧૩ સુધી, ૧૨-૫૩ થી શુભ-૧૪-૩૩ સુધી, ૧૭-૫૨થી ચલ-૧૯-૩૨ સુધી, ૨૨-૧૩થી લાભ ૨૩-૩૩ સુધી<br>- શુભ હોરા-<br>૬-૧૪થી ૯-૩૩ સુધી, ૧૦-૪૦થી ૧૧-૪૬ સુધી, ૧૩-૫૯થી ૧૭-૧૯ સુધી, ૧૮-૨૬થી ૧૯-૩૨ સુધી |

## રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ૪.૮ની તીવ્રતાના ભૂકંપથી લોકોમાં ફફડાટ

રાજકોટ,તા.૧૬

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રભરમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. આ ભૂકંપનો આંચકો આજે સવારે ૭.૪૧ સૌરાષ્ટ્રભરમાં અનુભવવામાં આવ્યો હતો. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ ૪.૮ની હતી. આ ભૂકંપનો આંચકો અનુભવવામાં આવતાં સ્થાનિક લોકો સફાળા ઘરની બહાર આવી ગયા હતા. કંપનું કેન્દ્ર બિંદુ રાજકોટથી ૧૮ કિલોમીટર દૂર ભાયાસર ગામે નોંધાયું છે. છેલ્લા એક મહિનામાં આ ભૂકંપનો બીજો મોટો આંચકો છે. છેલ્લા એક મહિનામાં નાના-મોટા ૧૪ આંચકા અનુભવાયા છે. જોકે સિસ્મોલોજિસ્ટે કહ્યું હતું કે હજી બે-ત્રણ દિવસ હજી આફ્ટર શોક્સ આવશે, પણ હાલ મોટો ભૂકંપ આવવાની શક્યતા નથી.

મુખ્ય પ્રધાન વિજય રૂપાણી પણ આ ભૂકંપની વિશે માહિતી મેળવી રહ્યા છે. તેમણે રાજકોટ, જૂનાગઢ અને પોરબંદર સહિતના જિલ્લા કલેક્ટર સાથે વાતચીત કરી છે. આ ભૂકંપથી અત્યાર સુધી કોઈ જાનમાલના નુકસાનના અહેવાલ નથી.આ ભૂકંપ રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગર, જસદણ, ચોટિલા, જામનગર વડિયા, ભાવનગર કોટડાસાંગણા, ગોંડલ અને દેવભૂમિ દ્વારકા સહિતના અનેક વિસ્તારોમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા છે.

# ક્રૂડ તેલમાં ૨૯,૭૭,૮૦૦ બેરલ્સના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં નરમાઈઃ સોના-ચાંદીમાં પણ ઘટાડો

### કપાસ, કોટન, સીપીઓ, મેન્થા તેલના વાયદાના ભાવમાં ઢીલું વલણઃ પ્રથમ સત્રમાં રૂ. ૧૧૨૭૧ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૭૦૦૮૭ સોદામાં રૂ. ૧૧૨૭૧.૪૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં ઘટાડો હતો. જસત સિવાયની તમામ બિનલોહ ધાતુઓ પણ ઘટી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ ઘટવા સામે નેચરલ ગેસ સુધર્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન, સીપીઓ અને મેન્થા તેલના વાયદાના ભાવમાં ઢીલું વલણ હતું.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૯૮૧૬૨ સોદાઓમાં રૂ. ૬૩૧૪.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૯૧૦૪ ખૂલી, ઊપરમાં રૂ. ૪૯૨૪૫ અને નીચામાં રૂ. ૪૮૯૭૧ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦૨ ઘટીને રૂ. ૪૯૦૫૭ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૪ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૯૬૦૬ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૯૦૮ થયા હતા, જ્યારે સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૧ ઘટીને બંધમાં રૂ. ૪૯૦૯૧ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૫૩૦૦૭ ખૂલી, ઊપરમાં રૂ. ૫૩૧૯૯ અને નીચામાં રૂ. ૫૨૬૬૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૨૬ ઘટીને રૂ. ૫૨૮૩૨ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ. ૨૦૦ ઘટીને રૂ. ૫૨૯૦૮ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ રૂ. ૨૦૦ ઘટીને રૂ. ૫૨૯૧૧ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૫૭૫૩ સોદાઓમાં રૂ. ૧૬૫૨.૯૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૦૭૫ ખૂલી, ઊપરમાં રૂ. ૩૦૮૪ અને નીચામાં રૂ. ૩૦૫૮ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૬ ઘટીને રૂ. ૩૦૬૮ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૩૭૭ સોદાઓમાં કુલ રૂ. ૨૨૧.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જુલાઈ વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૦૭૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૦૯૦ અને નીચામાં રૂ. ૧૬૦૦૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૦ ઘટીને રૂ. ૧૬૦૭૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૭૦૨ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨.૭ ઘટીને બંધમાં રૂ. ૬૯૫.૯ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૯૬૮.૨ ખૂલી, ઊપરમાં રૂ. ૯૭૩.૭ અને નીચામાં રૂ. ૯૬૦.૮ રહી, અંતે રૂ. ૯૬૧.૩ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૭૧ ખૂલી, ઊપરમાં રૂ. ૯૭૧ અને નીચામાં રૂ. ૯૬૧ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯.૦૦ ઘટીને રૂ. ૯૬૨.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૭૫૧૨ સોદાઓમાં કુલ રૂ. ૩૧૩૧.૫૭ કરોડ ની કીમતનાં ૬૩૭૭.૧૦૪ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૮૦૬૫૦ સોદાઓમાં કુલ રૂ. ૩૧૮૩.૦૮ કરોડ ની કીમતનાં ૬૦૧.૩૬૧ ટન, ક્રૂડ તેલમાં ૧૯૯૪૯ સોદાઓમાં રૂ. ૯૧૪.૩૮ કરોડનાં ૨૯૭૭૮૦૦ બેરલ્સ, કોટનમાં ૩૭૩ સોદાઓમાં રૂ. ૨૦.૪૮ કરોડનાં ૧૨૭૦૦ ગાંસડી, સીપીઓમાં ૧૮૯૧ સોદાઓમાં રૂ. ૧૯૩.૩૮ કરોડનાં ૨૭૮૧૦ ટન, મેન્થા તેલમાં ૬૪ સોદાઓમાં રૂ. ૬.૭૮ કરોડનાં ૭૦.૨ ટન, કપાસમાં ૪૯ સોદાઓમાં રૂ. ૧.૧૨ કરોડનાં ૨૩૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૫૯૦.૪૭૨ કિલો, ચાંદીના વાયદાઓમાં ૬૧૪.૦૭૮ ટન, ક્રૂડ તેલમાં ૫૭૪૭ બેરલ્સ, કોટનમાં ૧૧૪૬૨૫ ગાંસડી, સીપીઓમાં ૭૫૭૧૦ ટન, એલચીમાં ૦.૬ ટન, મેન્થા તેલમાં ૧૪૫.૮ ટન અને કપાસમાં ૬૮૦ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬૪ ખૂલી, ઊપરમાં રૂ. ૧૮૨ અને નીચામાં રૂ. ૧૪૧.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૮.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૧ અને નીચામાં રૂ. ૧૧૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૭ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૩૩૯૯.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૩૫૦૦ અને નીચામાં રૂ. ૩૩૫૪ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૪૪૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૬૫૬ ખૂલી, ઊપરમાં રૂ. ૭૦૭ અને નીચામાં રૂ. ૬૪૬ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૯૧.૫ બંધ રહ્યો હતો.

તાંબાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૮૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૨.૬૭ ખૂલી, ઊપરમાં રૂ. ૧૨.૬૭ અને નીચામાં રૂ. ૧૨.૬૭ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૨.૬૭ બંધ રહ્યો હતા.ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૨૯૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૭૭ ખૂલી, ઊપરમાં રૂ. ૧૮૦ અને નીચામાં રૂ. ૧૬૧.૪ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૭૩.૩ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૮ ખૂલી, ઊપરમાં રૂ. ૨૦ અને નીચામાં રૂ. ૬.૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦ બંધ રહ્યો હતો.

## આ સુંદરતા, પવિત્રતા, આદર્શ, માનવતા અને નીતિમત્તા ને આગળ ધપાવીએ ..આવનારી પેઢીમાં પ્રમાણિકતા અને નીતિમત્તાના બીજ રોપીએ...

ચારસો મીટરની રેસમાં કેન્યાનો રનર અબેલ મુત્તાઈ સહુ થી આગળ હતો .. ફિનિશિંગ લાઈનથી ચાર પાંચ ફૂટ ની દુરી પર એ અટકી પડ્યો... એને લાગ્યુ કે આ દોરેલા પટ્ટા જ ફિનિશિંગ લાઈન છે અને મૂંઝવણમાં અને ગેરસમાજમાં, એ ત્યાં જ અટકી પડ્યો. તેની પાછળ બીજા નંબર પર દોડી રહેલ સ્પેનિશ રનર ઈવાન ફર્નાન્ડિઝ એ આ જોયું અને તેને લાગ્યુ કે આ કૈક ગેર સમાજ છે.તેણે પાછળથી બૂમ પાડી અને મુત્તાઈને કહ્યું કે તે દોડવાનું ચાલુ રાખે.

પરંતુ , મુત્તાઈને સ્પેનિશ ભાષામાં સમાજ ના પડી.... આ આખો ખેલ માત્ર ગણતરી ની સેકન્ડ નો હતો. ... સ્પેનિશ રનર ઈવાન એ પાછળ થી આવી અને અટકી પડેલા મુત્તાઈ ને જોર થી ધક્કો માર્યો અને, મુત્તાઈ ફિનિશ રેખા ને પર કરી ગયો....

ખુબ નાનો, પણ અતિ મહત્વ નો પ્રસંગ. ...

આ રેસ હતી ... અંતિમ પડાવ પૂરો કરી વિજેતા બનવાની રેસ... ઈવાન ધારત તો પોતે વિજેતા બની શકત ... ફિનિશ રેખા પાસે આવી ને અટકી પડેલા મુત્તાઈ ને અવગણી ને ઈવાન વિજેતા બની શકત. .. આખરે વિજેતા મુત્તાઈ ને ગોલ્ડ મેડલ મળ્યો અને ઈવાન ને સિલ્વર. ...

એક પત્રકારે ઈવાન ને પૂછ્યું , × તમે આમ કેમ કર્યું? તમે ધારત તો તમે જીતી શકત.. તમે આજે ગોલ્ડ મેડલ ને હાથ થી જવા દીધો... ×

ઈવાન એ સુંદર જવાબ આપ્યો ...× મારુ સ્વપ્ન છે કે , ક્યારેક આપણે એવો સમાજ બનાવીયે, જ્યા વ્યક્તિ બીજા વ્યક્તિ ને ધક્કો મારે, પરંતુ પોતે આગળ જવા માટે નહિ.... પરંતુ બીજા ને આગળ લાવવા, મદદ કરવા, એની શક્તિ ને બહાર લાવવા ધક્કો મારે... , એવો સમાજ જયાં એક બીજા ને મદદ કરી બંને વિજેતા બને ...×

પત્રકારે ફરી થી પૂછ્યું , × તમે એ કેન્યન મુત્તાઈ ને કેમ જીતવા દીધો? તમે જીતી શકત...×

જવાબ માં ઈવાન એ કહ્યું , × મેં એને જીતવા નથી દીધો.. ,

એ જીતતો જ હતો...

આ રેસ એની હતી...

અને છતાં જો હું એને અવગણી ને ફિનિશ લાઈન પાર કરી જાત, તો પણ મારી જીત તો કોઈ બીજા પાસે થી પડાવેલી જીત જ હોત..×

આ જીત પર હું કેવી રીતે ગર્વ કરી શકત ?

આવો જીતેલો ચંદ્રક હું મારી મા ને શી રીતે બતાવી શકું?

હું મારા અંતરાત્માને શું જવાબ આપું? ×

સઁસ્કાર અને નીતિમત્તા એ વારસામાં મળેલી ભેટ છે...

એક પેઢી થી બીજી પેઢી ને મળતો વારસો છે....

આમ થાય અને આમ ના જ થાયે... આ જ પુણ્ય અને પાપ છે...આ જ ધર્મ છે...

આપણે જ નક્કી કરશુ કે કાલનો સમાજ કેવો હશે....

નીતિમત્તા અને સંસ્કાર ના કોઈ ઇન્જેક્શન કે ટેબ્લેટ નથી આવતી...

જીતવું મહત્વનું છે .. પણ કોઈ ભોગે જીતવું એ માનસિક પંગુતા છે ...કોઈ નો યશ ચોરી લેવો... કોઈ ની સફળતા પોતા ને નામ કરવી .. બીજા ને ધક્કો મારી પોતે આગળ આવવા નો પ્રયત્ન .. આ બધું કદાચ થોડી ક્ષણો માટે જીતી ગયા નો ભાવ અપાવે પણ ખુશી નહિ અપાવે ...કારણ, અંતરમન અને અંતરઆત્મા તો સાચું જાણે છે ...આ સુંદરતા, પવિત્રાતા, આદર્શ, માનવતા અને નીતિમત્તા ને આગળ ધપાવીએ ...

આવનારી પેઢીમાં પ્રમાણિકતા અને નીતિમત્તાના બીજ રોપીએ .....( પ્રદીપ રાવલ.લેસ્ટર.લંડન દ્વારા)

## સુરતમાં હાઈ-ટેક જુગારધામ ઝડપાયુઃ અધધ..૯૯ જુગારી ઝડપાયા



સુરત,તા.૧૬

કોરોના કહેર વચ્ચે શહેરમાં આવેલા બેગમપુરા વિસ્તારના તુલસી ફળિયામાં ચાલતાં જુગારધામ પર દરોડા પાડવામાં આવ્યાં છે. સ્ટેટ મોનિટરીંગ સેલના આ દરોડામાં ૯૯ જુગારી ઝડપાયા છે. સ્થાનિક સ્તરે કુખ્યાત આસિફ ગાંડાના જુગારધામ પરના આ દરોડામાં પોલીસને લાખો રૂપિયાનો મુદ્દામાલ પણ મળી આવ્યો છે. સ્ટેટની ટીમે દરોડા પાડ્યા બાદ સ્થાનિક લોકો સાથે ઘર્ષણના પગલે કંટ્રોલરૂમમાં જાણ કરી વધુ ફોર્સ બોલાવાઈ હતી. હાલ પોલીસે આરોપીને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે. આસિફ ગાંડાનું જુગારધામ શટર બંધ કરીને ચાલતું હતું. જેથી સૌ પ્રથમ સ્ટેટની ટીમે શટર તોડીને અંદર પ્રવેશ કર્યો હતો. પોલીસની રેડની જાણ થતાં જ જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. મોટી સંખ્યામાં જુગારીઓને જોતા અને સેન્સિટિવ વિસ્તાર હોવાથી સ્ટેટની ટીમે સ્થાનિક પોલીસની પણ મદદ માંગી હતી. સ્થાનિક પોલીસ આવતાં તમામ જુગારીઓને ઝડપી લેવાયાં હતાં.આસિફ ગાંડાનું બેગમપુરા વિસ્તારમાં આવેલું બે માળનું એરકન્ડિશન્ડ જુગારધામ ઝડપાયું છે. પોલીસે રેડ દરમિયાન બન્ને માળમાં આરોપીઓને જુગાર રમતાં રંગેહાથ પકડી લીધાં છે. આરોપીઓ હારજીતનો જુગાર રમતા હોવાથી પોલીસે તમામને ઝડપી લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.હાલ કોરોના સંક્રમણ ચાલી રહ્યું છે ત્યારે આસિફ ગાંડાના એર કન્ડિશન વાળા જુગારધામ પર મોટી સંખ્યામાં લોકો જુગાર રમતા આવતાં હોવાનું સામે આવ્યું છે.જુગારીઓમાં કોરોનાનો જરા પણ ડર ન હોય તે રીતે મોટી સંખ્યામાં બન્ને માળ પર જુગાર રમતાં રેડમાં ઝડપાયાં છે.

### મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાના સ્વામી બ્રહ્મલીન થયા

## ૭૮ વર્ષીય આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજીનો દેહ પંચમહાભૂતમાં વિલીન





અમદાવાદ,તા.૧૬

મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય પુરૂષોત્તમપ્રિયદાસજી સ્વામીનું નિધન થયું છે. આ સમાચાર સાંભળીને હરી ભક્તોમાં શોકની લાગણી છવાઇ છે. પી પી સ્વામીજીનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલીન થયો. આચાર્ય પુરૂષોત્તમ પ્રિયદાસજી સ્વામીનાં અગ્નિસંસ્કાર તેમના અનુગામી સ્વામી જિતેન્દ્રપ્રિયદાસજીના હસ્તે કરવામા આવ્યા. અંતિમ સંસ્કારના દર્શન સોશિયલ મીડિયાના માધ્યમે સત્સંગી-હરિભક્તો-ગુરુભક્તોએ કર્યા હતા.સંતો, ગણતરીનાં હરિભક્તોએ પીપીઇ કિટ પહેરીને અંતિમવિધિ કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે પણ ટ્વીટ કરીને પૂ. પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજને શ્રદ્ધાંજલિ આપી છે.

ઉલ્લેખનીય છે કે તેઓ ૨૮ જૂનના રોજ કોરોના વાયરસથી સંક્રમિત થતા તેમને ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરાયા હતાં.

મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાન તરફથી હરિભક્તોને અપીલ કરવામાં આવી છે કે, કોરોના વાયરસને કારણે કોઈએ પણ સ્વામિનારાયણ મંદિર મણિનગર તથા શ્રીમુક્તજીવન સ્વામીબાપાના સ્મૃતિ મંદિરના કમ્પાઉન્ડમાં આવવાનું નથી.

સંસ્થા દ્વારા કહેવામાં આવ્યું છે કે આજથી ૧૧ દિવસ સુધી સંસ્થાનના દરેક મંદિરોમાં ઝાલર, નગારા વગાડવા નહીં, તેમજ ઉત્સવ કરવો નહીં. કોરોના મહામારીને પગલે દરેક ભક્તોએ ગૃહમંદિરે પ્રાર્થના, કથા, કીર્તન, ધ્યાન તથા ધૂન કરવી.

ઉલ્લેખનીય છે કે, પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીની તબિયત ઘણી નાજુક રહેતા ગઇ ૧૨ જુલાઈના રોજ પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજના અનુગામી તરીકે જીતેન્દ્રપ્રિયદાસજી સ્વામીની નિમણૂંક કરવામાં આવી હતી.

## કોરોના સંક્રમણ સામે દાહોદ નગરપાલિકા અને ટાઉન પોલીસનું સંયુક્ત અભિયાન

(અભેસિંહ રાવલ દાહોદ)

દાહોદ, તા. ૧૬ : કોરોના સંક્રમણને અટકાવવા માટે માસ્ક અને સામાજિક અંતરનાં નિયમોનું પાલન કરવું એ સૌથી અગત્યની બાબત છે. તેમ છતાં કેટલાંક બેજવાબદાર નાગરિકો મનસ્વી વર્તન દાખવીને પોતાની સાથે અન્ય નાગરિકો માટે સંક્રમણનું જોખમ ઊભું કરે છે. આવા નાગરિકો સામે નગરપાલિકા દાહોદ અને ટાઉન પોલીસે સંયુક્ત અભિયાન હાથ ધરીને કડક પગલા લીધા છે. જેમાં છેલ્લા દસ દિવસમાં માસ્ક વિના જાહેરમાં ફરતા ૮૧૭ નાગરિકોને રૂ. ૧,૬૩,૪૦૦ નો દંડ ફટકારાયો છે. દાહોદ નગરપાલિકા અને ટાઉન પોલીસ દ્વારા નાગરિકોમાં માસ્ક અને સામાજિક અંતરના નિયમો બાબતે જાગૃકતા લાવવા માટે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. નાગરિકો આ નિયમોનું પાલન કરીને કોરોના સંક્રમણને દૂર રાખી શકે છે. પરંતુ કેટલાંક નાગરિકો ધરાર બેદરકારી દાખવીને માસ્ક જેવા સામાન્ય નિયમનો પણ ભંગ કરી રહ્યા છે. તા. ૦૬ જુલાઇ થી તા. ૧૫ જુલાઇ સુધીમાં દાહોદ નગરપાલિકા અને ટાઉન પોલીસની ૫ કર્મચારીઓની બનેલી ૬ ટીમો દ્વારા આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું અને માસ્ક વિના ફરતા ૮૧૭ નાગરિકોને દંડિત કરવામાં આવ્યા હતા.

# અરવલ્લીના મોડાસા નગરપાલિકાના સુથારફળી અને પાવન સીટી વિસ્તાર કન્ટેઈનમેન્ટ ઝોનમાં સમાવિષ્ટ

અરવલ્લી બ્યુરો સમાચાર

મોડાસા, -હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ COVID-19 ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂપ્રતીબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ કેસ મોડાસા નગરપાલિકમાં આવેલી સુથારફળી(મોચીવાડા પાસે) અને પી-બ્લોક પાવન સીટી વિસ્તારમાં નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ એપેડેમીક ડીસીઝ એકટ,૧૮૯૭ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે COVID-19 નો Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે.

જેમાં COVID-19 નો કેસ મળી આવેલ મોડાસા નગરપાલિકામાં આવેલી સુથારફળી(મોચીવાડા પાસે) અને પી બ્લોક પાવન સીટી વિસ્તારને COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ છે. જયારે પાંચ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્ક્રીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે.

આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે, આ જાહેરનામુ તા. ૨૮ જુલાઇ ૨૦૨૦ સુધી અમલી રહેશે જો કોઇ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ધ એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામ વિસ્તાર કન્ટેઈનમેન્ટ ઝોનમાં સમાવિષ્ટ

અરવલ્લી બ્યુરો સમાચાર

મોડાસા, -હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ COVID-19 ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂપ્રતીબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ કેસ ધનસુરા તાલુકાના વડાગામની બ્રહમાણી માતાના મંદિરવાળી ફળી વિસ્તારમાં નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ એપેડેમીક ડીસીઝ એકટ,૧૮૯૭ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે COVID-19 TMku Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે. જેમાં COVID-19 નો કેસ મળી આવેલ ધનસુરા તાલુકાના વડાગામની બ્રહમાણી માતાના મંદિરવાળી ફળી વિસ્તારને COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ છે. જયારે પાંચ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્ક્રીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે. આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે, આ જાહેરનામુ તા. ૨૮ જુલાઇ ૨૦૨૦ સુધી અમલી રહેશે જો કોઇ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ધ એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# દાહોદ જિલ્લામાં ફળ, શાકભાજી, ફૂલપાકોનું વેચાણ કરતા લારીવાળા-પાથરણાવાળા નાના વેચાણકારોને નિઃશુલ્ક છત્રી, શેડકવર અપાશે

(અભેસિંહ રાવલ દાહોદ)

દાહોદ, તા. ૧૬ : દાહોદ જિલ્લામાં ફળ, શાકભાજી અને ફૂલ પાકોનું રોડ સાઇડ વેચાણ કરતા લારીવાળા-પાથરણાવાળા, નાના વચાણકારોને બાગાયત ખાતા દ્વારા વિનામૂલ્યે છત્રી, શેડકવરનું વિતરણ કરવામાં આવશે. આ યોજના અંતર્ગત કુટુંબ દીઠ એક વ્યક્તિને છત્રી મળવાપાત્ર રહેશે. લાભ લેવા ઈચ્છતા વ્યક્તિઓએ તા. ૧૫-૦૮-૨૦૨૦ સુધીમાં આઇ ખેડૂત પોર્ટલ (http://ikhedut.gujarat.gov.in) પર ઓનલાઇન અરજી કરી તેની નકલ જરૂરી સાધનિક પુરાવા જેવા કે આધારકાર્ડની નકલ, રેશનકાર્ડ તથા સંબધિત ગ્રામ સેવકનો ફળ, શાકભાજી અને ફૂલ પાકોના છૂટક વેચાણ કરતા હોવા અંગેના દાખલા સહિતની અરજી અત્રેની કચેરીએ – નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, રૂમ નં. ૨૩૩-૨૩૫, બીજો માળ, જિલ્લા સેવા સદન, છાપરી, દાહોદ ખાતે રજૂ કરવાની રહેશે. નાયબ બાગાયત નિયામકશ્રી, દાહોદએ એક અખબારી યાદીમાં ઉક્ત બાબત જણાવી છે.

## અરવલ્લી જિલ્લામાં હિંદુ ધર્મનો દિવાસાના તહેવારને અનુલક્ષીમાં

# ૩૧ જુલાઇ સુધી સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવા પર પ્રતિબંધિક હુકમો જાહેર કરાયા

અરવલ્લી બ્યુરો સમાચાર

મોડાસા- અરવલ્લી જિલ્લામાં આગામી સમયમાં હિંદુ ધર્મનો દિવાસાનો તહેવાર આવતો હોઇ અને પવિત્ર શ્રાવણ માસ આવતો હોઇ તેમજ ખાનગી ઈનપુટોને ધ્યાને લેતાં જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાય તે માટે તા. ૧૬- ૦૭-૨૦૨૦ ના કલાક ૦૦-૦૦થી તા. ૩૧- ૦૭-૨૦૨૦ ના કલાક ૨૪-૦૦ કલાક સુધી સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ .આર.જે.વલવી અરવલ્લી જિલ્લા, મોડાસાને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭ (૧) થી મળેલ સત્તાની રુએ પ્રતિબંધિક મનાઇ હુકમો જાહેર કરાયા છે.

સમગ્ર જિલ્લામાં ૩૧ જુલાઇ સુધી કોઇ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી.આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઇ જતા ખેડૂતોને તેમજ અન્ય સરકારી કાર્યક્રમને લાગું પડશે નહી. આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા કરાવનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ને કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.

**મારી માતૃભાષા ગુજરાતી.ભાગ - ૧**

'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી,
ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત'

આ કાવ્યપંક્તિ લખનાર કવિ શ્રી અરદેશર ખબરદારજીની ગુજરાતીઓ માટેની ભાવનામાં કેટલો બધો આત્મવિશ્વાસ છલકાય છે.આ પંક્તિ વાંચતાજ મન ગુજરાતી હોવાના ગૌરવથી ભરાઈ જાય છે.એકરીતે આપણા ગુજરાતીઓએ આ પંક્તિ સાર્થક કરીને બતાવી છે.દુનિયાનો એક પણ ખૂણો ગુજરાતીઓ વગરનો નથી.આજે આપણે અમેરિકા, લંડન, યુરોપ, જાપાન,આફ્રીકા,ચીન કે દુનિયાના કોઈપણ ખૂણે જઈએ તો ત્યાં આપણને મીની ગુજરાત મળીજ આવે.અહીં ભારતમાં રહીને કદાચ આપણે ગુજરાતી હોવાનું એટલું મહત્વ નહીં લેતાં હોઈએ જેટલું વિદેશ જઈને વસેલા ગુજરાતીઓ લ્યે છે.તેઓ વિદેશમાં વસીને પણ પોતાના ગુજરાતીપણાં સાથે બાંધછોડ નથી કરતાં.હા, ત્યાંની રહેણીકરણીને અનુસાર તેઓએ જે બાંધછોડ કરવી પડે તે અપવાદરૂપ છે.તેઓ પોતાના મૂળથી સાવ દૂર ન થઈ જાય તે માટે સતત પ્રયત્નશીલ રહે છે.ભારતમાં ઊજવાતાં દરેક તહેવારો ત્યાં વસેલા ગુજરાતીઓ ભેગાં મળીને ઊજવે છે.તેમના બાળકોને પોતાના મૂળ સાથે જોડી રાખવા તેઓ સતત નાનામોટાં મેળાવળાઓ યોજતાં હોય છે.જો દરિયાપાર વસેલો ગુજરાતી જ્યાં તેણે ઊંધા પ્રવાહમાં તરીને પોતાનું ગુજરાતીપણું ટકાવવા સતત પ્રયત્નો કરવા પડે છે અને આ કાર્ય તે સહૃદયથી કરે પણ છે.અને તેને તે પોતાનું તેમાં ગૌરવ માને છે. તો શું આપણે આપણાંજ દેશમાં રહીને આપણીજ ધરતી પર રહીને ગુજરાતી ભાષાના અસ્તિત્વને ટકાવી રાખવામાં નિષ્ફળ જઈશું?

ગુજરાતી ભાષાના ભવિષ્ય વિશે વિચારીએ તો આજનો સિનેરીયો જોતાં મનમાં ચિંતાની ઘંટડીઓ વાગવા માંડે છે.એના ઘણાં કારણો છે.એમાંનું પહેલું કારણ એટલે આજની તારીખમાં અંગ્રેજી માધ્યમનો જે ગાડરીયો પ્રવાહ વહ્યો છે તે રીતે લગભગ ૯૫% ગુજરાતીઓ પોતાના બાળકને અંગ્રેજી માધ્યમમાં ભણવા મોકલે છે.અને આ બાળકોની અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ગુજરાતી તો શું હીન્દીમાં પણ બોલવાની સખત મનાઈ ફરમાવવામાં આવે છે.આ રીતે બાળકને પોતાના વિચારોને પોતાની રીતે પ્રગટ કરવાનો અધિકારજ ઝૂંટવી લેવામાં આવે છે.બાળકો જે વાતાવરણમાં ઉછરતાં હોય છે તે વાતાવરણની અસર તેના અંતરમનમાં ખૂબ ઊંડી હોય છે.જેમકે કોઈ એક બાળક ગુજરાતી કુટુંબમાં ઉછરી રહ્યું છે તો એ બાળકની ભાષા કુદરતી રીતે ગુજરાતીજ રહેવાની છે.અને બોલતાં શીખે ત્યારે તેના મુખમાંથી ગુજરાતી શબ્દોજ બહાર પડવાનાને!! પરંતુ આ રીતની કુદરતી અસરને ઓછી કરવા માટે ગુજરાતી માબાપ એટલા બધાં પ્રયત્નો કરે છે. જેમકે પહેલું પગથિયું ઘરમાંથીજ શરૂ થાય છે. બાળક સ્હેજ નજર માંડતુ થાય કે ત્યારથીજ એને બતાવવામાં આવતી વસ્તુઓ કે રંગોના નામ માબાપ અંગ્રેજીમાં બોલવા માંડે.જેમકે રેડ કલર, ડોગી, કેટ વગેરે.ફૂલ જેવા ભૂલકાંઓને આપણે જોઈએ છીએ ત્યારે તેમનામાંથી ભોળપણની, પ્રામાણિક્તાની એક મહેક આવે છે.નામ લેતાંજ આપણાં ચિત્તમનમાં રમતાં,કૂદતાં,હસતાં,જીદ કરતાં બાળકોનું ચિત્ર ઊપસી આવે છે. પરંતુ તેમનું આ શૈશવ કેટલો સમય ટકે છે!!શ્ર?

ક્રમશઃ

લેખિકા : આરતી મરચંટ
મુંબઈ : કાંદીવલી.

---

**એકલા..**

ચાહ્યું છતા તારું હૃદય હતું
મને ચાહવા તારે ,એને પૂછવું પડ્યું?
ક્યાં જઈ અટકશે આ ચાહત..?
પૂછને તારા હૃદયને ,કેટલું સહેવું પડ્યું?
તેતો કરી મને ઘેલી સૂર મહીં
કેમે ન રુક્યાં તે ,વાંસળીને રુકવું પડ્યું ?
માની લઈશ હું એકલી જ છું,
શું તારે ખાતર, અહીં મારે ઝૂકવું પડ્યું?
સહી શકું એટલી સમજણ તો છે,
ભલે તું ન સમજે ,જગને સમજવું પડવું .
સંજોગ તો જો અહીં છે સર્વેનો સાથ,
અરે !
તું જ સુધી પહોંચવા,એકલા ચાલવું જ પડ્યું.

જયશ્રી પટેલ ૧૬/૭/૨૦૨૦

---

**દ્રષ્ટિભ્રમ**

સલૂણી સવારની જાણ થતાં જ ભમરાએ બાગમાં સુગંધિત-સુંદર ફૂલની આજુબાજુ મંડરાવાનુ ચાલુ કરી દીધું. ફૂલ તેના રૂપરંગના ગુણગાન સાંભળી ગર્વિત થઈ ઉઠ્યું?. પ્રેમગાન કરતાં ફૂલ અને ભમરો તમામ નિયમોને તોડી દુનિયાની નજરે ચઢી ગયા. ધીમા છૂટેલા પવને સાથ આપ્યો ને બાગ આખો મહેકી ઉઠ્યો. ફૂલ ખોવાયું ભમરાની દૃષ્ટિમાં! બસ આમ ને આમ કેટલો સમય નીકળી ગયો!

બીજી સવારે ફૂલને અહેસાસ થયો કે ભમરો તેની સાથે છે પણ તેનું ધ્યાન બીજી ડાળી ઉપર છે.

એ જ છોડના એક કરમાયેલા ફૂલથી ન રહેવાયું, "તું શું માને છે, તારાં પર મંડરાતો ભમરો તારા પર પ્રેમ વરસાવે છે? તારું સાનિધ્ય ઈચ્છે છે? દૃષ્ટિભ્રમ છે એ ચાહનાનો. સમજી જા." પેલા રૂપાળાં ફૂલને કહેતાં એ કરમાયેલા ફૂલે છોડ પરથી પડતું મૂક્યું! ને વળી એક ચાહના ધરતીમાં રગદોળાઈ ગઈ!

વંદના વાણી

---

ગાલગાગા ગાલગાગા ગાલગાગા ગા
એક ખાલી હોય એ આકાશ આપી દો,
ને પછી મુઠ્ઠીભરી વિશ્વાસ આપી દો.
લાશ માફક જિંદગી જીવી શકાશે ના,
જો જનમ આપો તો ભેગા શ્વાસ આપી દો.
રાત આપો તો ભલે આપો,ફિકર ક્યાં છે?
સૂર્ય ઉગશે એવી થોડી આશ આપી દો.
ના કશું આપી શકો તો કંઈ વાંધો ના,
સૌ મળીને પ્રેમથી શાબાશ આપી દો.
હો સરળ આ જિંદગી તો શું મજા એની,
દોસ્ત પણ બે-ચાર તો બદમાશ આપી દો.
લો કરો ઈચ્છા બધી ભેગી અને દાટો,
ના શકો દાટી તો પાછી લાશ આપી દો.
છંદ છે તો છે ગઝલ એ વાત નક્કી છે,
લય અને આ તાલ સાથે પ્રાસ આપી દો.

ડો. કિશોર ઠક્કર, ગાંધીધામ.

---

**રૂડું ગોમડું(ગામડું)**

તમારા શહેરની ભાગદોડ ભરી જિંદગીમાં ગામડાંની યાદ તાજી હશે જયાં તમારા દાદાજી સાથે તમે વટથી ફરતાં હશો અને એની યાદ ગોંદરેથી જ શરૂ થઇ જતી હશે....

એ ગોમડું
જયાંની માટી સાથે તમારો જુનો નાતો હશે વડલાની વડવાઈ પર ઝુલવાંની મજા પણ માણી હશે ને દુધાળાં ઢોરને જોઈને કઢિયલ દૂધની યાદ પણ આવી હશે.....

એ ગોમડું,
જયાં મિત્રને જોઈને "કેમ કાળુભા ચ્યાં હેડયાં !"કહીને ગળે પણ વળગી પડ્યાં હશો અને પછી છાનામાનાં આંખમાં આવેલાં આંસુ પણ લૂછયાં હશે.....

એ ગોમડું,જયાં ખેતરોમાં પોંકની, ઓળાની, ઉબાડિયાંની મજા પણ માણી હશે અને રાતનાં શેકોટી કરીને બટાટા રતાળુ શેકવાની સાથે કસુંબો પીતાં પીતાં ડાયરાની મહેફિલ પણ જમાવી હશે......

એ ગોમડું,
જયાં કાલાં ફોલવાની સાથે ગુલેલમાં પથ્થર ભરીને પંખી પણ ઉડાડયાં હશે અને ખેતરોનાં શેઢે માંચડે સુવાની અને બળદગાડામાં ફરવાની મજા જ કંઈ જુદી હશે....

એ ગોમડું,
ચાં હાડકાં ગાળી નાખે એવી ટાંઢમાં નદીમાં સ્નાન કરી થરથર ધ્રુજતાં પણ હશો અને માથે બેડું લઈને આવતાં લપસી પડતાં હાંસીપાત્ર પણ ઠર્યા હશો......

એ ગોમડું,
જયાં સાંજ પડતાં અલખને ઓટલે ઝાંલરો પણ વાગતી હશે અને ગૌપગની રજ લઈને સૂરજ પણ આથમતો હશે ,
આવું આ રૂડું રૂપાળું ગામડાંનો ગમે એટલો વિકાસ થશે પણ એની સુંદરતાને ઊની આંચ નહીં આવે.....

જીજ્ઞા કપુરિયા "નિયતી "

---

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/માલિક)
નિર્ણાયકશ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોર ઠક્કર
સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી
ગ્રુપ સંચાલક - જીજ્ઞા કપુરિયા
સહ સંચાલક - મનીષ વોરા

---

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આં ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..તંત્રી : પ્રદીપ રાવલ

# લક્ષ્મીના પગલાં...

નાનકડી એવી વાર્તા છે.

સાંજના સમયે, એક છોકરો ચપ્પલ ની દુકાનમાં જાય છે, ટિપિકલ ગામડા નો. આ નક્કી માર્કેટિંગવાળો હશે, એવો જ હતો પણ બોલવામાં.. સહેજ ગામડાની બોલી હતી, પણ એકદમ કોન્ફિડન્ટ. ૨૨-૨૩ વર્ષ નો હશે.

દુકાણદારનું પેહલા તો ધ્યાન પગ આગળ જ જાય, એના પગમાં લેધર ના બુટ હતા, એ પણ એકદમ ચકાચક પોલિશ કરેલા...

દુકાનદાર - શુ મદદ કરું આપને...? છોકરો - મારી માં માટે ચપ્પલ જોઈએ છે, સારા અને ટકાઉ આપજો...

દુકાનદાર - એ પોતે આવ્યા છે ? એમના પગનું માપ..?

છોકરાએ વોલેટ બહેર કાઢી, એમાંથી ચાર ઘડી કરેલ એક કાગળ્ કાઢ્યો. એ કાગળ પર પેનથી બે પગલાં દોરયા હતા...

દુકાનદાર - અરે મને પગનો માપનો નંબર આપત તોય ચાલત...! એમજ એ છોકરો એકદમ બાંધ છૂટે એમ બોલવા લાગ્યો... 'શેનું માપ આપું સાહેબ..?

મારી માં એ આખી જિંદગી મા ક્યારેય ચપ્પલ પહેર્યા નથી.

મારી માં શેરડી તોડવાવાળી મજૂર હતી.

કાંટા મા ક્યાય પણ જાતી.

વગર ચપ્પલની ઢોર હમાલી અને મહેનત કરી અમને શિખાવ્યું. હું ભણ્યો અને નોકરીએ લાગ્યો. આજે પહેલો પગાર મળ્યો. દિવાળી માં ગામડે જાઉં છું. માં માટે શુ લઈ જાઉં એ પ્રશ્ન જ આવતો...

મારા કેટલા વર્ષોનું સપનું હતું કે મારા પહેલા પગારમાંથી માં માટે હું ચપ્પલ લઈશ.

દુકાનદારે સારી અને ટકવાવાલા ચપ્પલ દેખાડ્યા અને કીધું આઠસો ? ના છે, છોકરાએ કીધું ચાલશે... એવી તૈયારી એ કરીને જ આવ્યો હતો. દુકાનદાર - એમ જ પુછુ છું કે કેટલો પગાર છે તને.?

છોકરો - હમણાં તો બાર હજાર છે. રહેવાનું, ખાવાનું પકડીને સાત-આઠ હજાર ખર્ચો થાય.

બે-ત્રણ હજાર માંને મોકલાવું છુ... દુકાનદાર - અરે તો આ આઠસો ? થોડાક વધારે થાશે...

છોકરાએ દુકાનદારને અધવચ્ચે જ રોકયો અને બોલ્યો રહેવા ઘો ચાલશે... દુકાનદારે બોક્સ પેક કર્યું છોકરાએ પૈસા આપ્યા અને બહુજ ખુશ થઈને બહાર નીકળ્યો.

મોંઘું શુ એ ચપ્પલ ની કોઈ કિંમત થાય એમ જ નોહતી...

પણ દુકાનદારના મનમાં શુ આવ્યું કોને ખબર, છોકરાને અવાજ આપ્યો અને ઉભુ રેહવા નું કીધું.

દુકાનદારે હજી એક બોક્સ છોકરાના હાથમાં આપયુ. અને દુકાનદાર બોલ્યો

'આ ચપ્પલ માંને કહેજે કે તારા ભાઈ તરફથી ભેટ છે'.

પેહલા ચપ્પલ ખરાબ થઈ જાય,તો બીજા વાપરવાના.

તારી માં ને કહેજે કે હવે વગર ચપ્પલ નું નહીં ફરવાનું અને આ ભેટ માટે ના પણ નથી કહેવાની...દુકાનદાર અને એ છોકરાના એમ બેવની આંખોમાં પાણી ભરાય ગયા. શુ નામ છે તારા માં નું.? દુકાનદારે પૂછ્યું. લક્ષ્મી એટલુંજ બોલ્યો. દુકાનદાર તરતજ બોલ્યો ' મારા જય શ્રીકૃષ્ણ કહેજે એમને અને એક વસ્તુ આપીશ મને..? પગલાં દોરેલો પેલો કાગળ જોઈએ છે મને...!' એ છોકરો પહેલો કાગળ દુકાનદાર ના હાથમાં દઈને ખુશ થઈ નીકળી ગયો. પહેલો ઘડીદાર કાગળ દુકાનદારે દુકાનના મંદિરમાં રાખી દીધો... દુકાનના મંદિરમાં રાખેલ એ કાગળ દુકાનદાર ના દીકરીએ જોયો અને પૂછ્યું, બાપુજી આ શું છે...?

દુકાનદારે એક લાંબો શ્વાસ લીધો અને દીકરી ને બોલ્યો

લક્ષ્મી ના પગલાંછે બેટા...

એક સચ્ચા ભક્તે દોરેલા છે... આનાથી બરકત મળે ધંધામાં. દીકરીએ દુકાનદારે અને બધાએ પગલાને ભાવભક્તિ સાથે નમન કર્યુ...!

લવ યુ ઝીંદગી

લેખક અજ્ઞાત...

સુંદર વાર્તા છે મને ગમી તમને પણ ગમશે.

# વંથલીમાં નો માસ્ક નો એન્ટ્રી તથા માસ્ક વગર પ્રવેશવું નહી ના પોસ્ટર લગાડવામાં આવ્યા

કોરોનાનું સંક્રમણ દિવસેને દિવસે વધતુ જાય છે ત્યારે તેને કાબુમાં લેવા માટે માસ્ક પહેરવું સોશ્યલ ડિસ્ટન્સ જાળવવુ ખુબજ જરૂરી છે . તેમ છતાં અનેક લોકો માસ્ક પહેર્યા વગર બહાર નિકળતા હોય છે ત્યારે વંથલી પીએસઆઇ દ્વારા વંથલી ના વેપારીઓને એક અપીલ કરી કે દુકાનની બહાર આ રીતે પોસ્ટર લગાડો તે અપીલ ને ધ્યાને રાખી વંથલી શહેરનાં તમામ નાના મોટા વેપારીઓ દ્વારા દુકાનો ની બહાર પોસ્ટરો ચીપકાવ્યા છે કે કોઈપણ ગ્રાહકે દુકાનમાં માસ્ક પહેર્યા વગર અંદર પ્રવેશવું નહી હાલ જૂનાગઢ જીલ્લામાં કોરોના વાયરસ ની વધતી જતી મહામારી ને ધ્યાને લઇ વંથલી પીએસઆઇ બી.કે ચાવડા એ દુકાનદારો ને મળી ને નો માસ્ક નો એન્ટ્રી તથા માસ્ક વગર પ્રવેશવું નહી જેવા ચેતવણી સાવચેતી ના પોસ્ટર લગાવામાં આવ્યા

અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

# માણાવદરના મયુરીબેન ગોબારાએ કોરોનાને મહાત આપી



એક સપ્તાહ પહેલા માણાવદરના બાંટવા રોડ પર રિલાયન્સ પેટ્રોલ પંપની સામે ચુનાની ભઠી પાસે રહેતા મયુરીબેન અશોકભાઈ ગોબારાનો કોરોના રીપોર્ટ પોઝિટીવ આવતા તેમને જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે મોકલી દેવામાં આવેલ જયા સારવારના અંતે બે દિવસ માજ તેમના રીપોર્ટ નેગેટીવ આવતા આઈસોલેશન વોર્ડ માં કોરેન્ટાઈન કરેલ ત્યાં બીજા દશ દિવસ નિગરાનીમા રાખવામાં આવેલ જયા પણ કોઇ લક્ષણો સામે ન આવતા મયુરીબેન ગોબારાએ ખુબજ ઝડપથી કોરોનાને મહાત આપી ઘર વાપસી કરેલ છે જેને લીધે પરિવાર ના તમામ સભ્યો સાથે આડોસ પાડોસ ના તમામ ઝુમી ઉઠયા હતા અને તેમનું ફૂલોથી સ્વાગત કરવામાં આવ્યું હતુ .તસ્વીર - અહેવાલ ,જીજ્ઞેશ પટેલ માણાવદર

# કેશોદ શહેર-તાલુકા માં એકસાથે નવ કોરોના પોઝીટીવ કેસ નોંધાતાં સ્થિતિ કફોડી બની

કેશોદઃ (રાજુભાઈ પંડ્યા)

કોરોના મહામારી વચ્ચે કેશોદ શહેર-તાલુકા માં એકસાથે નવ કોરોના પોઝીટીવ કેસ નોંધાતાં આંકડો વધીને પાંત્રીસે પહોંચી ગયો છે. આજે કેશોદ શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં કોરોના પોઝીટીવ કેસ સાત અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં બે કોરોના પોઝીટીવ કેસ નોંધાતાં તંત્ર દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. કેશોદ શહેરમાં અમૃતનગર વિસ્તારમાં પાણીના ટાંકા પાસે મહિલા ઉ.વ. ૨૧, શ્રી ટાવર આંબાવાડી પુરુષ ઉ.વ. ૨૬, મંગલમૂર્તિ એપાર્ટમેન્ટ સુતારવાવ પુરુષ ઉ.વ.૩૨, ૬૬ કે.વી. સબ સ્ટેશન પાસે પુરુષ ઉ.વ. ૨૮,જુના કુંભારવાડા પાસે મહિલા ઉ.વ. ૨૩, પ્રજાપતિ સોસાયટી, એરપોર્ટ રોડ પુરુષ ઉ.વ.૪૧,આલાપ કોલોની, માંગરોળ રોડ મહિલા ઉ.વ.૩૯ , કેશોદ તાલુકાના પાડોદર ગામે પુરુષ ઉ.વ.૬૫,બાલાગામ ગામે મહિલા ઉ.વ.૨૮ નાં કોરોના પોઝીટીવ રીપોર્ટ આવેલા છે. કેશોદ શહેર-તાલુકા માં વધુ નવ કોરોના પોઝીટીવ કેસ નોંધાતાં સ્થિતિ વધુ કફોડી બની ગઈ છે. રાજ્ય સરકાર દ્વારા અનલોક-૨ જાહેર કરવામાં આવેલ છે ત્યારે જે ધંધા રોજગાર ચાલું રાખવાની મંજૂરી શરતો અને ગાઈડ લાઈન મુજબ આપવામાં આવી છે જેની ચુસ્તપણે અમલવારી કરાવવાં માં આવતી નથી જેના કારણે સંક્રમણ થી કોરોના વાયરસ ફેલાતો અટકાવવા માં તંત્ર નિષ્ફળ નીવડ્યું છે.

કોવીડ-૧૯ નાં શરૂઆતમાં એક કોરોના પોઝિટિવ કેસ નોંધાતાં જીલ્લા નાં અધિકારીઓ દોડી આવતાં હતાં જેનાં પગલે સ્થાનિક તંત્ર દોડતું થતું હતું જ્યારે છેલ્લા અઠવાડિયાથી કેશોદ શહેર-તાલુકા માં કોરોના મહામારી વધી છે ત્યારે જવાબદાર તંત્ર સામાન્ય ઘટના બની હોવાનું માનીને રૂટીન કાર્યવાહી હાથ ધરી સંતોષ માને છે. કેશોદ શહેરમાં બહારગામથી વતનમાં પરત આવતાં વ્યક્તિઓ ને કારણે સંક્રમણ થી કોરોના વાયરસ ફેલાય રહ્યો છે ત્યારે આવાં શંકાસ્પદ વ્યક્તિઓની તપાસ કરવામાં કે હોમ કવોરન્ટાઈન કરવામાં ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ગાઈડ લાઈન ની અમલવારી કે રાત્રીના સમયે લાગું કરવામાં આવેલ કર્ફ્યૂ ની અમલવારી કરાવવાં માં આવતી નથી જેના કારણે કોરોના મહામારી નો કોઈ ડર કે કાયદો અને અનુશાસન નો ડર હોય એવું લાગતું નથી. જવાબદાર તંત્ર દ્વારા ગંભીરતાપૂર્વક પગલાં ભરવામાં નહીં આવે તો આવનારાં દિવસોમાં કેશોદ શહેર-તાલુકા માં સ્થિતિ ગંભીર બની જાય તો નવાઈ નહીં. કેશોદ નગરપાલિકા પ્રમુખ દ્વારા લોકડાઉન લાગું કરવા રજૂઆત કરી... કેશોદ : કેશોદ નગરપાલિકા પ્રમુખ યોગેશભાઈ સાવલીયા દ્વારા જુનાગઢ જિલ્લા કલેકટર ને લેખિતમાં રજૂઆત કરી કેશોદ શહેરમાં કોરોના પોઝીટીવ કેસ વધું પ્રમાણમાં નોંધાયાં છે ત્યારે શહેરીજનો ની આરોગ્યની દષ્ટિએ પગલાં ભરવા ફરીથી લોકડાઉન લાગું કરવામાં આવે એવી માંગ કરી છે.

### એલસીબી પોલીસે ઈસરી નજીકથી સગીરાનું અપહરણ કરનાર શખ્શને બનાસકાંઠા માંથી દબોચ્યો

# અરવલ્લી પોલીસતંત્રનો બુટલેગરો અને જુગારીઓ પર સપાટો બોલાવ્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા






અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે જીલ્લામાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃતિઓ અટકાવવા ગુન્હેગારો સામે શખ્ત કાર્યવાહી કરવા જીલ્લા પોલીસતંત્રને કડક સૂચના આપવામાં આવતા જીલ્લા પોલીસતંત્રે બુટલેગરો અને જુગારીઓ પર તવાઈ બોલવી છે શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પરથી ટ્રકમાંથી ૯.૬૧ લાખનો વિદેશી દારૂ, ભિલોડા પોલીસે સ્વીફ્ટ કારમાંથી ૯૧ હજારનો,મોડાસા ટાઉન પોલીસે બે બાઈક, એક એક્ટિવા સાથે ૪ બુટલેગરોને ૨૭ હજારથી વધુના દારૂ સાથે દબોચી લીધા હતા પોલીસતંત્રએ બુટલેગરો પર ધોંસ વધારતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે માલપુર પોલીસે દલપતપુરા (અણીયોર) ગામની સીમ માં જુગાર રમતા ૪ શખ્સોને ૩૯ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા જીલ્લા એલસીબી પોલીસે ઈસરી વિસ્તારમાંથી એક વર્ષ અગાઉ સગીરાનું બાઈક પર અપહરણ કરનાર શખ્શને બનાસકાંઠાના ગ્રામ્ય વિસ્તારમાંથી સગીરા સાથે પકડી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો શામળાજી પીએસઆઈ દેસાઈએ હરિયાણાના બુટલેગર જયેશ રાણાએ વડોદરા બુટલેગરને ૯.૬૧ લાખનો દારૂ પહોંચાડવા ટ્રકમાં નટ-બોલ્ટ કટ્ટા ની આડમાં સંતાડી ઘુસાડવાનો કીમીયો નકામો બનાવી રતનપુર ચેકપોસ્ટ પરથી બે શખ્સોને દબોચી લઈ ૨૧.૨૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી હરિયાણાના બુટલેગર અને દારૂ મંગાવનાર વડોદરાના બુટલેગરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા .ભિલોડા પીએસઆઈ કે.કે.રાજપૂત અને તેમની ટીમે ટોરડા ગામની સીમમાં પોલીસ પેટ્રોલિંગ જોઈ રોડ પર સ્વીફ્ટ કારનો ચાલક કાર રોડ પર મૂકી નાસી છુટતા ભિલોડા પોલીસે બિનવારસી મળી આવેલ સ્વીફ્ટ કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૩૬૦ કી.રૂ.૯૧૯૯૯/- તથા સ્વીફ્ટ કાર મળી કુલ.રૂ.૨૯૧૯૯૯/- નો મુદ્દામાલ જપત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી મોડાસા ટાઉન પીઆઈ વાઘેલા અને તેમની ટીમે સહયોગ બાયપાસ ચોકડી નજીકથી બે બાઈક અને એક્ટિવા પર દારૂની ખેપ મારતા ૧) નરેશ સોનાજી બોરાણા,૨) ગોવિંદ કેવજીભાઈ ક લ ા લ (બંને,રહે.ઓઢવ,અમદાવાદ) ,૩) સાગર ચંદુભાઈ સોની (નીકોલ) અને ૪)ગોવિંદસિંહ ખુમાનસિંહ ચૌહાણ (રહે,ઘોડાસર) ને ઝડપી પાડી બોટલ નંગ-૩૯ કી.રૂ.૨૭૯૦૦ /- સાથે કુલ મુદ્દામાલ મળી રૂ.૧૦૭૯૦૦/- જપ્ત કરી ચારે બુટલેગરોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા

માલપુર પીએસઆઈ સોલંકી અને પોલીસ સ્ટાફે દલપતપુરા (અણીયોર) ગામના વાંઘામાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૧) શૈલેષ મનુભાઈ ખાંટ (રહે,ફતેપુરા-અણીયોર),૨)રાકેશ હરિભાઈ ખાંટ (વાંટા-રામપુર,ધનસુરા,૩)અરવિંદગિરી ગોવિંદગિરી ગોસ્વામી (બાવાનામઠ-મોડાસા,૪)મેહુલસિંહ ભંવરસિંહ રાઠોડ (રાજપૂતના મુવાડા-ધનસુરા) ને દબોચી લઈ રોકડ રકમ -૧૫૦૦૦/- ,બાઈક,મોબાઈલ-૨ મળી કુલ રૂ.૩૯૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી ૪ શકુનિઓ સામે જુગારધારા કલમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ આર.કે પરમાર અને તેમની ટીમે એક વર્ષ અગાઉ ઈસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી સગીરાનું બાઈક પર અપહરણ કરી જનાર મહેન્દ્ર બકાભાઈ બામણીયા (રહે,ખેરંચા,રામદેવ ફળિયું-ભિલોડા) ને બનાસકાંઠા જીલ્લાના કાંકરેજ તાલુકાના ચેખલા ગામેથી ઝડપી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દઈ અપહરણના ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો

### અરવલ્લી જિલ્લામાં ૮ તાલુકા અને શહેરી મંડલ પૈકી

# પાંચ તાલુકા મંડલોની ભારતીય જનતા પાર્ટીની નવી કારોબારીની રચનાની જાહેરાત કરાઈ

મોટી ઈસરોલ, તા.૧૬

અરવલ્લી જિલ્લામાં ૮ તાલુકા અને શહેરી મંડલ પૈકી ભિલોડા, મેઘરજ, મોડાસા, ધનસુરા, બાયડની નવીન ભારતીય જનતા પાર્ટીની કારોબારીની રચના કરવામાં આવી છે.

ભારતીય જનતાપાર્ટીના નવીનમંડલતાલુકા સમિતિની રચના પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ જીતુભાઈ વાઘાણી, પ્રદેશ મહામંત્રી પ્રભારી શ્રી કે.સી.પટેલ, પ્રદેશ મંત્રી અને અરવલ્લી જિલ્લા પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી, પ્રદેશ સંરચના અધિકારી અને પ્રદેશ મંત્રી રમણભાઈ સોલંકીના માર્ગદર્શન અને સૂચના અનુસાર અરવલ્લી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ રણવીરસિંહ ડાભી, જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલે અરવલ્લી જિલ્લાના કુલ ૦૮ તાલુકા અને શહેરી મંડલ પૈકી ૦૫ મંડલ (ભિલોડા, મેઘરજ, મોડાસા, ધનસુરા, બાયડ)ની નવીન ભારતીય જનતા પાર્ટીની કારોબારીની રચના કરવામાં આવેલ છે.

તમામ હોદ્દેદાર અને કારોબારી સભ્યોને અરવલ્લી જિલ્લા ભારતીય જનતા પાર્ટી તરફથી અને કાર્યકર્તાઓ તરફથી શુભેચ્છા અને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.ઉલ્લેખનીય છે કે આ પાંચેય તાલુકાના પ્રમુખ અને મહામંત્રીઓની અગાઉ નિયુક્તિ કરવામાં આવી હતી અને આજરોજ પ્રદેશની સૂચના અનુસાર આ તાલુકાઓની કારોબારીની રચના કરવામાં આવી છે.એમ જિલ્લા મીડિયા ઈન્ચાર્જ પ્રભુદાસ પટેલે માહિતી આપતા જણાવ્યું હતું.

### અ.ભા.પ્ર.કું મહાસંઘ ન્યૂ દિલ્હી

# ગુજરાત પ્રદેશના પાટણ જિલ્લા યુવા અધ્યક્ષ તરીકે ગોવિંદ પ્રજાપતિ ની નિમણૂક કરાઈ



અખિલ ભારતીય પ્રજાપતિ કુંભકાર મહાસંઘ ન્યૂ દિલ્હી ગુજરાત પ્રદેશ દ્વારા સમાજમાં એકતા બની રહે અને સંગઠન મજબૂત થાય એવા ઉમદા હેતુ થી ગુજરાત પ્રદેશના અધ્યક્ષ મનહરભાઈ પ્રજાપતિ,ગુજરાત પ્રદેશ યુવા અધ્યક્ષ શ્રેયાંશ પ્રજાપતિ,ગુજરાત પ્રદેશ મુખ્ય મહાસચિવ ઈન્દરલાલ પ્રજાપતિ તેમજ રાષ્ટીય યુવા મુખ્ય મહાસચિવ ડો જીતેન્દ્ર પ્રજાપતિ દ્વારા સમગ્ર રાજયભરમાં વિવિધ જિલ્લા અધ્યક્ષોની નિમણૂક કરવામાં આવી રહી છે.ત્યારે પાટણ જિલ્લાના યુવા અધ્યક્ષ તરીકે પાટણમાં પત્રકારત્વમાં આગવું સ્થાન ધરાવતા તેમજ સમાજકાર્યમાં હરહંમેશ અગ્રેસર રહેતા અને હાલમાં માટીદાર યુવા સંગઠનમાં મહામંત્રી તરીકેની જવાબદારી સંભાળતા અને હાલમાં કાયદાના અભ્યાસ સાથે જોડાયેલ ગોવિંદ પ્રજાપતિની નિમણૂક કરવામાં આવી છે.ગોવિંદ પ્રજાપતિ છેલ્લા ઘણા વર્ષો થી પત્રકારત્વ સાથે જોડાયેલ છે.તેમજ તેમને માસ્ટર ઓફ જર્નાલીઝમ અને માસ કોમ્યુનિકેશનમાં ફસ્ટ કલાસ ડીસ્ટિકશનની ડીગ્રી પ્રાપ્ત કરી છે.સાથે સાથે હાલમાં તેઓ એલ.એલ.બીના અભ્યાસક્રમ સાથે જોડાયેલ છે.તેઓએ પાટણ નામાંકિત ન્યૂઝ ચેનલો અને દૈનિક સમાચારપત્રોમાં પણ કામ કર્યું છે. અહેવાલ નિખિલ જોષી ચાણસ્મા

# સિદ્ધપુર પીઆઈ નો હુમલાખોર આરોપી ત્રણ માસ વિત્યા છતાય પકડાયો નથી !

ધ્રુવ દવે સિદ્ધપુર

સિદ્ધપુર પીઆઈ ઉપર પોલીસ સ્ટેશનમાં જ હુમલો કરી નાસી છૂટનાર આરોપીને ત્રણ મહીનાનો સમય વિતી જવા છતાંય પોલીસ શોધી શકી નથી. ત્યારે તે જે ગાડીમાં પોલીસ મથકે થી નાસી છૂટ્યો હતો તે ગાડી સિદ્ધપુર પોલીસ હદ ને અડીને જ આવેલ છાપી પોલીસની હદમાંથી હાઈવે ની એક હોટલ પાસેથી દોઢેક માસ અગાઉ બિનવારસી પડી હોવાના આધારે મળી આવી હતી. ત્યારે પોલીસ વિભાગ નાં હાઈવે પેટ્રોલિંગ પર પણ અનેક સવાલો થાય તે સ્વાભાવિક છે.શું આરોપી થોડાક સમયમાં પોલીસ પક્કડમાં હશે એવો તખ્તો ગોઠવાઈ ગયો છે.!? આ અંગે લોકોમાં તરેહ-તરેહની ચર્ચાઓ ચાલી રહી છે.

સિદ્ધપુર ટાઉનમાં ગત ૧૬મી એપ્રિલનાં રોજ ઝાંપલીપોળ વિસ્તારમાં લોકડાઉન ભંગ કરવાનાં ગુનામાં લવાયેલા બે બાઈક સવાર યુવકો અકબરઅલી મયુદ્દિન સૈયદ,ઉ.વ.૨૫ અને રિયાઝુદ્દિન મયુદ્દિન સૈયદ,ઉ.વ.૨૨ બન્ને રહે. ઈરાની છાપરા,કોટનાં પીર, સિદ્ધપુરવાળાનાં પિતા મયુદ્દિન સૈયદ,ઉ.વ.૬૦ એ પોતાના પુત્રને છોડાવવાં પોલીસ સ્ટેશનમાં આવી હોબાળો મચાવતા થયેલી ઝપાઝપીમાં પી.આઈ., વી.એન.મહિડા ઉપર હુમલો કરી તેમને ઘાયલ કરી પોતાની સફેદ કલરની સ્કોર્પીઓ લઈ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. આ ઘટનાંને લઈ પાટણ એસપી અક્ષયરાજ મકવાણાંએ સત્વરે નાકાબંધી કરી આરોપીને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી હતી.તેમ છતાંય આરોપી આસાનીથી નાસી છૂટી પોલીસને ચકમો આપવામાં સફળ રહ્યો હતો.આ આરોપી આજદિન સુધી પોલીસ સકંજામાં ના આવતા લોકોમાં તરેહ-તરેહની ચર્ચાઓ જોવા મળી રહી છે.આરોપી આટલા લાંબા સમય સુધી કોની-કોની પનાહમાં અને ક્યાં-ક્યાં છુપાયો હશે તેની વિગત તો જ્યારે તે પકડાશે ત્યારે જ બહાર આવી શકશે.આ ઘટનાનાં ૪૫ માં દિવસે જ્યારે લોકડાઉન પુર્ણ થયેલ ત્યારે છાપી હાઈવે પર આવેલ એક હોટલ પાસે સફેદ કલરની સ્કોર્પિયો ગાડી નં.જીજે ૧ એચજે ૩૮૧૨ બિનવારસી હાલતમાં પડી હોવાના ફોન મેસેજના આધારે છાપી પોલીસે કબજે લઈ પાટણ એલસીબી પોલીસને સોંપી હતી.આ ગાડી સિદ્ધપુર થી ૧૫ કિ.મી.દૂર થી જ મળી આવી હોવાથી આ ફરાર આરોપી પણ આ વિસ્તાર માં લુપાતો-છુપાતો ફરતો હશે કે પછી ક્યાંક દૂર નાસી જવામાં સફળ થયો હશે? ઉપરાંત અત્યાર સુધી તેણે ક્યાં-ક્યાં શરણ લીધી હશે..? તેવા અનેક સવાલો ના જવાબ આ આરોપી પોલીસનાં સકંજામાં આવે ત્યારે જ મળી શકે તેમ છે.

અત્રે નોંધનીય છે કે આ ઘટનાંમાં ઈજાગ્રસ્ત થયેલા સિદ્ધપુર પીઆઈ વી.એન. મહિડાની સ્વમાંગણીથી વડોદરા શહેર ખાતે બદલી થઈ જવા પામી છે. ઉપરાંત આ કેસની અગાઉ નાં તપાસ અધિકારી પાટણ એલસીબી પીઆઈ કે.જે. ધડૂકની પણ સુરત ગ્રામ્યમાં બદલી થઈ જવા પામી છે.!આ કેસની હાલ તપાસ કરતાં ઈ.એલસીબી પીઆઈ કે.એમ.પ્રિયદર્શીએ જણાવેલ કે આ તપાસ મનેં સોંપાઈ છે જેની તપાસ હાલ ચાલુ છે.

# અરવલ્લી જિલ્લાના બાયડ નગરપાલિકાના સાઈવીલા-૧ સોસાયટી વિસ્તાર કન્ટેઈનમેન્ટ ઝોનમાં સમાવિષ્ટ

અરવલ્લી બ્યુરો સમાચાર

મોડાસા, -હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ ઝ્રંફID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ COVID-19 ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂપ્રતીબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ કેસ બાયડ નગરપાલિકાના સાઈવીલા-૧ સોસાયટી વિસ્તારમાં નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ એપેડેમીક ડીસીઝ એકટ,૧૮૯૭ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે COVID-19 નો Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે. જેમાં COVID-19 નો કેસ મળી આવેલ બાયડ નગરપાલિકાના સાઈવીલા-૧ સોસાયટી વિસ્તારને COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ છે. જયારે પાંચ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્ક્રીનીગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે. આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે, આ જાહેરનામુ તા. ૨૮ જુલાઈ ૨૦૨૦ સુધી અમલી રહેશે જો કોઈ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ધ એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# કેશોદ તાલુકાના રાણીકપરા ગામે પાણીના બોરમાંથી પચ્ચાસ ફુટ જેટલો ઉંચો પાણીનો ફુવારો ઉડ્યો

કેશોદઃ(રાજુભાઈ પંડ્યા)

કેશોદના રાણીકપરા ગામે રસ્તાની બાજુમાં આવેલ પાણીના બોરમાંથી આશરે ૫૦ ફૂટ જેટલો ઊંચો પાણીનો ફુવારો ઉડતો કેમેરામાં થયો કેદ થયો હતો બોરના પેટાળમાં પાણીનું પ્રેશર વધતાં બોરમાંથી પાણીનો ફુવારો ઉડ્યો હોય તેવું અનુમાનછે વાહનચાલક દ્વારા વિડિયો કરાયો કેમેરામાં કેદ કરવામાં આવ્યો હતો કેશોદ તાલુકામાં દર વર્ષે એકાદ ઘટના જોવા મળે છે. વહેલી સવારે ધરતીકંપ નો આંચકો આવ્યો હતો જેનાં કારણે જમીન નાં પેટાળમાં હલચલ થવાથી દબાણ વધતાં પાણી ફુવારા માફક ઉડ્યું હોય એવું માનવામાં આવે છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા કોઈ આધિકારીક નિવેદન આપવામાં આવ્યું નથી.




**રોટરી ક્લબ પાટણ દ્વારા બગવાડા દરવાજા ખાતે પાટણ ના પત્રકાર મિત્રો માટે રોટરી ના લોગો સાથે ના વોશેબલ માસ્ક ઉપસ્થિત મિત્રો પ્રેમલ ભાઈ , રમેશભાઈ , જે કે મકવાણા ને રોટરી પ્રમુખ રણછોડભાઈ પટેલ મંત્રી ઝેડ એન સોઢા અને પ્રોજેકટ ચેરમેન રાજેશ મોદી દ્વારા અર્પણ કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે ક્લબ ટ્રેનર બાબુભાઈ પ્રજાપતિ , ડો પરિમલભાઈ જાની , અતુલભાઈ પટેલ,વિનુભાઈ મિસ્ત્રી ,વિષ્ણુભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા**

# અરવલ્લી જિલ્લામાં હિંદુ ધર્મનો દિવાસાના તહેવારને અનુલક્ષીમાં ૩૧ જુલાઈ સુધી પ્રતિબંધિક હુકમો જાહેર કરાયા

અરવલ્લી બ્યુરો સમાચાર.

મોડાસા- અરવલ્લી જિલ્લામાં આગામી સમયમાં હિંદુ ધર્મનો દિવાસાનો તહેવાર આવતો હોઇ અને પવિત્ર શ્રાવણ માસ આવતો હોઇ તેમજ ખાનગી ઈનપુટોને ધ્યાને લેતાં જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાય તે માટે તા. ૧૬- ૦૭-૨૦૨૦ ના કલાક ૦૦-૦૦થી તા. ૩૧- ૦૭-૨૦૨૦ ના કલાક ૨૪-૦૦ કલાક સુધી સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ .આર.જે.વલવી અરવલ્લી જિલ્લા, મોડાસાને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭ (૧) થી મળેલ સત્તાની રુએ પ્રતિબંધિક મનાઈ હુકમો જાહેર કરાયા છે. જેમાં શારીરીક ઈજા પહોચાડવા અંગે ઉપયોગમાં લઇ શકે તેવા શસ્ત્રો જેવાકે દંડા, તલવાર, ભાલા,બંદુક, ચપ્પું, લાકડી કે લાઠી કે તેવી બીજી કોઇ વસ્તુઓ લઇ જવા અંગે અથવા સાથે લઈને ફરવુ નહી, કોઇ જલદી સળગી ઉઠે તેવી વસ્તુઓ સ્ફોટક પદાર્થો લઇ જવા-ફરવા નહી,પથ્થરો કે બીજા હથીયારો ફેકવા કે નાંખવાના યંત્રો કે સાધનો લઇ જવા કે તૈયાર કરવા નહી, સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઇ જવી નહી, વ્યકિતઓ અથવા તેના તેના શબ, આકૃતિઓ કે આકાર અથવા પુતળા દેખાડવા નહી, લોકોએ બુમ પાડવા, ગીતો ગાવા કે વાધ્ય વગાડવા નહી, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવા નહી કે જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનુ તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો, ચિત્રો, નિશાનીઓ દેખાડવાનું અથવા ફેલાવો કરવવાનુ કે સાથે રાખીને ફરવુ નહી.

જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલા કોઇપણ અધિકારીશ્રીઓ, શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી રાખતા વૃધ્ધ વ્યકિત તથા હથિયારના પરવાના ધારકો હથિયાર પ્રદર્શિત ન થાય તેમ ધારણ કરનાર, સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરની અધિકારીએ હથિયાર લઇ જવાનુ ફરમાવ્યુ હોય અથવા આવુ કોઇ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનુ આવશ્યક હોય, કોઇ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનેરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ, ખેતીના કામે ઓજારો લઇ જતા ખેડૂતો, સરકારશ્રીના સરકારી કાર્યક્રમમાં અધિકૃત વ્યકિતઓ, કોઇ પણ અંતિમયાત્રાને, લગ્નના વરઘોડામાં વરરાજાને લાગુ પડશે નહી. આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની સજા થઇ દંડને પાત્ર થશે તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ૪૫ મા અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

# કોરોના માં માસ્કની મોકાણનો ૫૦૦ રું દંડ ?

લોકો ને માસ્ક ની આદત ના હોય એટલે પ્રજા ને ટેવ પાડવા છહિનાનો સમય આપવો પડે.લોકશાહી માં એકદમ જો હુકમી ના થાય.જે રોગનું હજુ નિદાન.દવા.ચકાસણી નથી તેના માટે મન ધડક કાયદા ઠોકી બેસાડતા પહેલા વિચારવું પડે.પહેલા બે મહિના ચાર અધિકારીઓ ના તર્ક ઉપર પસાર કર્યા પછી પીએમ ના તર્ક ઉપર મહિનો કાઢ્યો અને હવે પ્રજા ઉપર છોડી દેવાના સરકાર સ્વાર્થે તર્ક કરી આં મહિનો કાઢ્યો તો પણ ૩૦૦ થી વધી આજે ૯૦૦ ઉપર કેસ થયાં...સતત નિષ્ફળતા માં પણ સીએમ હેલિકોપ્ટર લઈ પરિવાર સાથે સોમનાથ.અંબાજી જાત્રાઓ કરે અને પ્રજા કોરોના નો અસહ્ય આર્થિક.આરોગ્યલક્ષી સામનો કરતી હોય તો પણ માસ્ક ના બહાને પાછા દંડ ની રકમ બમણી કરી પૈસા પોલીસ દ્વારા ઉઘરાણા કરાવાય..આવી નિષ્ફળ સરકાર ને પ્રજાએ દંડ કરવો પાડે કે નહિ?....અંધેરી નગરી ગાંડું રાજા.....દલા તરવાડી ની જેમ મન કી બાત ના તર્ક ના આધારે કેન્દ્રીય અને રાજયો ના સ્ટેમ્પ શાશન ને પ્રજા ક્યાં સુધી સહન કરશે? (Editorial, તંત્રી)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK